

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*દંગ કરી દુનિયા, આર્થિક વ્યવહાર તંગ કર્યો!*
*કઢંગા અમલમાં, રાષ્ટ્રીય ગુપ્તતાનો ભંગ કર્યો!*
*ઉતરે છે રંગ મની સ્ટ્રાઈકની ગૂલબાંગોનો -*
*છતાં રાખે ટંગ ઊંચી જાણે શું યે મોટો જંગ કર્યો!*

હાઈકુ

*લાગી બધાને -*
*બે નંબરી કારણે -*
*કાળી ટીલડી...*
*(નોટદાન ની નિશાની)*

*લ્યો! સંબંધોમાં -*
*કોઈ 'વટાવે' નોટ*
*અને કોઈ 'મા'*
*(પૂ. ભાવ નું શોષણ)*

### ચિંતન

**બિન ગુરુ હોઈ કિ ગ્યાનગ્યાવ, કિ હોઈ બિરાગ બિનુ,**
**ગાવહિં બેદ પુરાન, સુખ કિ લહિએ હરિ ભગતિ બિનુ**

રામાયણના જીવ-ઈશ્વરના ભેદ સમજાવતાં તુલસીદાસજી કહે છે.

ગુરુ વિના શું જ્ઞાન થાય છે? ભગવાનની ભક્તિ વિના શું સુખ મળી શકે છે?

જ્ઞાન-સાચી સમજ-ગુરુ સાથેના સત્સંગ દ્વારા જ પ્રાપ્ત થાય છે. એમની કૃપા વિના 'જ્ઞાન' મળતું નથી.

માણસો - યુવાનો - બાળકો - ક્ષણિક ઉત્સાહમાં આવી વૈરાગ્ય લઈ લે છે પણ આવા વૈરાગ્ય સંયમ અને સાચા ત્યાગ વિના ટકતો નથી. સાચો વૈરાગ્ય સમજીને, સંસાર કે કોઈ પણ બાબતથી સંપૂર્ણ સજ્જ વિના કાયમી થતો નથી.

દા.ત. વ્યસનથી થતાં નૂકશાનની પૂરી સમજ આવે ત્યારે જ સભાનતા પૂર્વક વ્યસન છૂટે છે અને એ ત્યાગ કાયમી બને છે.

ઈશ્વરની ભક્તિ વિના માનસિક શાંતિ-સુખ-પ્રાપ્ત થતાં નથી.

### સુવિચાર

- બધે ફિટ તશો તો કયાંક ફાઈટ નહિં થાય - **સુરેશ દલાલ**
- પ્રહારો કરનારો નહિં, સહારો આપનારો સ્વજન કહેવાય - **જનકલ્યાણ**
- જે પાત્ર સારી અદાકારી કરે તેના પર નાટકનો માલિક ખુશ રહે છે
  એવું જ ભગવાન સંબંધી સમજવું - **ખલીલ જીબ્રાન**
- મુશ્કેલી હઠીલી હોય, તે કરતાં આપણે વધારે હઠીલા થવાનું એ સિવાય
  બીજો કોઈ માર્ગ નથી - **મૃગેશ વૈષ્ણવ**
- ગમશે, ચાલશે, નભશે, બનશે, ફાવસે, પરવડશે
  આ છ શબ્દોનાં અમલ કરનાર સદાય સુખી છે - **કુમારપાળ દેસાઈ**
- કર્મના સ્વરુપનો વિચાર કરવાથી મમતા આવે છે,
  અને ધર્મના રૂપનું ચિંતન કરવાથી નિર્ભયતા આવે છે - **ધર્મસૂત્ર**
- આજનું ઔષધ : પરવળના જ્યુસમાં વરિયાળીનું પાણી જરાક હીંગ નાખીને પીવાથી મેદ ઓગળે છે અને ઉર્જા પણ મળે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ડૉકટરો-ઈજનેરો પોતાની દુકાન ચાલુ રાખવા પોતાનાં સંતાનને પોતે ઈચ્છે એ જ અભ્યાસક્રમ ડિગ્રી લેવાનો આગ્રહ રાખે છે અને સંગીતકાર-ચિત્રકારની કળા દેડકાં કાપવા સાથે વેતરાઈ જાય છે. બાળકને તેની ઈચ્છા-શોખ મુજબની લાઈન લેવા દઈ તેના વિકાસમાં મદદરૂપ થવું જોઈએ.

એક સાહેબનો આલ્સેશીયન કૂતરો માંદો પડ્યો. લાડકો હતો. ડૉકટરને બતાવ્યું. દવાની શીશી આપી - સાહેબે દવા પીવડાવવાનો પ્રયત્ન કર્યો પણ કૂતરો દવા પીતો નો'તો. મોઢું દબાવ્યું - ખોળામાં દબાવ્યો - શીશી મોઢામાં ઘાલવા પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ.

સાહેબે આખા પરિવારને મદદે બોલાવ્યો - કોઈએ પગ પકડ્યા - કોઈએ માથું - કાન - પેટ મોઢું ફાળી સાહેબે દવાની શીશી મોઢાંમાં ઘાલવા પ્રયત્ન કર્યો. પણ કૂતરો બળપૂર્વક છટક્યો - શીશી છટકી - ઉડી ગઈ ને તૂટી ગઈ. બધાં માથે હાથ રાખી નિરાશ થઈ કૂતરાંને જોઈ રહ્યાં...

... ત્યાં બધાના આશ્ચર્ય વચ્ચે પૂંછડી પટપટાવતો કૂતરો પાછો આવ્યો. ઢોળાયેલી દવા સૂંઘી બધી જ દવા ચાટી ગયો... કૂતરાં જેવાં પ્રાણીને પણ 'બળજબરી' પસંદ નથી એની ઈચ્છા મુજબ એને વર્તવા દો.

# સંસદમાં મોદી સામે મોરચો

નોટબંધી પછી ગણતરીના દિવસોમાં આવેલ સંસદ સત્ર દેખીતી રીતે જ મુદ્દે તોફાની બની રહે પરંતુ વિપક્ષના બધા જ નેતાઓ મોદીના આ માસ્ટરસ્ટ્રોક સામે ફૂંકી ફૂંકીને ફિલ્ડિંગ ભરવા મજબૂર બની ગયા છે. મોદીએ કાળાં નાણાંને નાથવા લીધેલ પગલા પાછળનો રાજકીય આશય તો એ બધા પણ સમજે છે. તેથી મોદીના જ નાણાં મંત્રી દ્વારા દેશમાં બહુ જૂજ પ્રમાણમાં બનાવટી કરન્સી હોવાનો અહેવાલ આપેલો તે ટાંકીને વિપક્ષો સરકારની દાનત પર જ શંકા ઉઠાવી રહ્યા છે. મોદીના માસ્ટરસ્ટ્રોકની માહિતી કાળાં નાણાં સગેવગે કરી દેવા ભાજપના મિત્રોને અગાઉથી પહોંચાડી દેવાઈ હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે, તો વળી શરદ યાદવ જેવા વરિષ્ઠ સાંસદ તો આ મુદ્દે ખુદ નાણામંત્રી અરુણ જેટલી સુધ્ધાં અંધારામાં હોવાની શંકા સેવે છે. જો જેટલીને આવું કંઈ રંધાઈ રહ્યા હોવાનો અણસાર હોત તો શરદ યાદવ જેવા જૂના મિત્રને એમણે જરૂર ચેતવ્યા હોત! જેમની પાસે કાળાં - બિનહિસાબી નાણાંનાં ભંડાર ભરેલા હોવાનું કહેવાય છે અને જેમની આ આર્થિક તાકાત તોડી નાખવા જ મોદીએ ઉત્તરપ્રદેશની ચૂંટણી પૂર્વે આ ખેલ પાડી દીધો હોવાનું ચર્ચામાં છે એવાં બહુજન સમાજ પાર્ટીનાં સર્વેસર્વા 'બહેનજી' એ પણ સરકારના આ નિર્ણયથી ખુદ નાણાંમંત્રી જેટલી સુધ્ધાં નાખુશ હોવાનું નિવેદન કર્યું છે! જેટલીના ચહેરા પર દેખાતી માયૂસીનો એમણે આવો અર્થ કર્યો હતો. તો વળી મુલાયમસિંહના પિતરાઈ અને હાલ પારિવારિક કલહને કારણે પાર્ટીમાંથી સસ્પેન્ડ કરાયેલા સમાજવાદી પાર્ટીના સાંસદ રામગોપાલ યાદવે સત્તાધારી પક્ષને જુદી જ જાતની ચેતવણી આપી છે. એમણે વહેલી ચૂંટણીઓ યોજવાનું જોખમ નહીં ખેડવાની સલાહ આપતાં કહ્યું છે કે અત્યારે વોટ માગવા જશો તો ગૃહિણીઓ લોટવાળા હાથે વેલણ લઈને ધસી આવશે અને તમારી પીઠ સરખી કરી નાખશે. કોંગ્રેસના નેતાઓ ચીપી ચીપીને બોલી રહ્યા છે સર્જરી નહીં જાણતા વડાપ્રધાનનો સર્જિકલ સ્ટ્રાઈક કરવાનો ઉમકળો ઉપડ્યો એથી દેશ આખો રસ્તા પર આવી ગયો છે. આનંદ શર્માનો સવાલ પણ વિચારણા માગી લે એવો છે : વડાપ્રધાનને રૂ.૫૦૦ અને ૧૦૦૦ ની નોટો રદ કરવાનો અધિકાર કોણે આપ્યો? - બંગાળની વાઘણ અને ગરીબોનાં મસીહા ગણાતાં તૃણમૂલ કોંગ્રેસના નેતા મમતા બેનરજીએ આ મુદ્દે રાષ્ટ્રપતિ ભવન સુધી કૂચ કરી જેમાં ભાજપનો સૌથી જૂનો સમર્થક પક્ષ - શિવસેના પણ સામેલ થઈ. કેજરીવાલે એમના પ્રતિનિધિઓને પણ મોકલી આપ્યા. કેજરીવાલે તો અગાઉ બિરલા દ્વારા 'ગુજરાત સી.એમ.'ને માતબર રકમની લહાણી કરી હોવાનો આક્ષેપ કર્યો છે. આ તમામ પ્રકારના હોબાળા વચ્ચે આમ આદમી એની રોજીરોટી પાછળ ફાળવવાનો વખત બેંકો આગળ કલાકો લગી ધોખવામાં પસાર કરી રહ્યો છે તો વળી કેટલાક બેનંબરિયા માલેતુજારો વિવિધ ધાર્મિક ટ્રસ્ટો અને સ્વૈચ્છિક સંસ્થાઓનો સંપર્ક સાધી પોતાના બ્લેકને વ્હાઈટમાં ફેરવવાની તજવીજમાં પડ્યા છે. મોદી પ્લાસ્ટિક મની વાપરવાની સલાહ આપે છે પણ ગરીબ પાસે ક્રેડિટ કાર્ડ કયાં છે? એકની એક વ્યક્તિ વારંવાર રૂપિયા બદલાવવા ન આવતી રહે એ માટે સરકારે મતદાન માટે વપરાતી શાહીનું ટપકું કરવાનો વિચાર વહેતો મૂકેલો, જેનો ખુદ ચૂંટણીપંચે વિરોધ કર્યો છે. 'ઈમાનદાર' વડાપ્રધાને કાળાં નાણાં નાથવા ઉઠાવેલા આ કઠોર કદમ સામે ખુદ ભાજપના જ નેતાઓ અને દાતાઓમાં કચવાટ પ્રવર્તી રહ્યો છે. આ કચવાટ સહકારી ક્ષેત્રના ગુજરાતના જ નેતાઓ દ્વારા જરા સારા શબ્દોમાં વ્યક્ત પણ થવા લાગ્ય છે!

**તંત્રીસ્થાનેથી...**

# હજાર નામ વાળી હે માત...!



**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**

ભગવાન વિષ્ણુના હજાર નામો - વિષ્ણુ સહસ્રનામ સિદ્ધ છે. પિતામહ ભીષ્મે યુધિષ્ઠિરને કહેલાં છે, આની જેમ ગાયત્રી સહસ્રનામ છે. તેનું મહત્ત્વ વધી જાય છે, કારણ કે તેના વક્તા અને શ્રોતા મહત્ત્વનાં છે. તે વિષ્ણુએ પોતે મહર્ષિ નારદને કહેલા છે.

છે સહસ્રનામ. પરંતુ આમાં ભગવતી ગાયત્રીનાં ૧૦૦૮ નામો છે. અંકોમાં ૧ અને ૮ નું મહત્ત્વ છે. ગીતાના અધ્યાય ૧૮ છે. ઉપનિષદોની સંખ્યા ૧૦૮ છે. અહીં નામો ૧૦૦૮ છે.

બીજી પણ વિશેષતા આ છે - મહંદેશ આ નામો અકારાદિ ક્રમમાં મૂકાયેલા છે.

૧. અર્કમંડળસંસ્થિતા - સૂર્યમંડળમાં સ્થાન પામેલી
૨. આંતરધ્વાન્તનાશિની - અંતરમાં અંધકારનો નાશ કરતી
૩. ઈન્દિરા - લક્ષ્મી, ૪. ઈશ્વરી, ૫. ઉમા - પાર્વતી
૬. ઊર્ધ્વાધોગતિભેદિની - ભારે અધોગતિમાંથી બહાર કાઢતી
૭. ઋણહન્ત્રી - દેવું નો નાશ કરતી, ૮. એકાક્ષરા - ૐ
૯. ઐહિકઆમુષ્મિકપ્રદા - આ લોકમાં અને પરલોકમાં ફળ આપતી
૧૦. ઓંકારા, ૧૧. ઔપાસનફલપ્રદા - ઉપાસનાને અંતે ફળ આપનારી
૧૨. અંડમધ્યસ્થિતા દેવી - બ્રહ્માંડમાં રહેલી દેવી
૧૩. કાત્યાયની - નવ દુર્ગામાનું એક સ્વરુપ, ૧૪. ખેચરી - આકાશમાં ગતિવાળી, ૧૫. ગાયત્રી, ૧૬. ઘંટારવપ્રિયા - ઘંટનો રણકાર એને પ્રિય છે.
૧૭. જ્ઞાનધાતુમયી - જ્ઞાનને ધારણ કરાવતી, ૧૮. ચંડિકા, ૧૯. છત્રધરા - છત્ર ધારણ કરતી,
૨૦. જનની - માતા ગાયત્રી સ્વરુપા છે.
૨૧. ઝંઝામારુતવેગિની - ઝંઝાવાતના વેગવાળી
૨૨. ટંકારકારિણી : ધનુષ્યનો ટંકાર કરી શકે છે
૨૩. ડિમ્ભા - બાળસ્વરુપા
૨૪. ઢુંઢિવિઘ્નેશજનની - ગણેશની માતા.
૨૫. ત્રિપદા - ત્રણલોકમાં પગલાં માડતી
૨૬. દુર્ગા
૨૭. ધેનુ - ગાય
૨૮. નારી - નારી માત્ર ગાયત્રી સ્વરુપા છે.
૨૯. પ્રણેતાર્તિનાશિની - પ્રણામ કરે તેની પીડાને શમાવતી.
૩૦. ફલદા - ફળ આપનારી
૩૧. બ્રાહ્મી - બ્રહ્મ સ્વરુપા
૩૨. ભદ્રકાલી
૩૩. મહાલક્ષ્મી
૩૪. યમુના
૩૫. રાજહંસસમારૂઢા - રાજહંસ પર આસન ધરાવતી
૩૬. લોકવિશ્રુતા - સમગ્ર લોકમાં પ્રસિદ્ધ
૩૭. વરદા - વરદાન આપનારી
૩૮. સારદા - સરસ્વતી
૩૯. ષણ્મુકપ્રિયકારિણી - નવદુર્ગામાં એક સ્વરુપ સ્કંદમાતા છે.
ષણ્મુખ - સ્કંદ - કાર્તિકેયનું પ્રિય કરનારી
૪૦. સાવિત્રી - સાવિત્ર- સૂર્યમાં સ્થાન પામેલી
૪૧. હારિણી - કલેશને હરી લેતી.
૪૨. ક્ષીરાબ્ધિતનયા - ક્ષીર સમુદ્રની પુત્રી - લક્ષ્મી

આ ગાયત્રી સહસ્રનામ - ભગવતી ગાયત્રીના ૧૦૦૮ નામો - પુણ્યપ્રદ પાપનાશક અને સંપત્તિદાયક છે. એવી ખાતરી વિષ્ણુએ નારદને આપી છે.

# મહાગુજરાત વિદ્યાર્થી લડત સમિતિના ચેરમેન કોણ હતા ?



**ખજાનો**
**અનિલ પટેલ**

## મહાગુજરાત આંદોલન

(૧) 'ભાષાવાર પ્રાંત રચના આયોગ્ય છે?' આ ભલામણ કોણે કરી હતી?
(અ) ફઝળ અલી પંચ (બ) દાર કમિશન
(ક) જેવીપી સમિતિ (ડ) મહાગુજરાત સીમા સમિતિ

(૨) ૨૯મી ડિસેમ્બરના કયા વર્ષમાં ફઝલ અલી પંચની રચના કરવામાં આવી હતી ?
(અ) ૧૯૫૦ (બ) ૧૯૫૧
(ક) ૧૯૫૨ (ડ) ૧૯૫૩

(૩) ફઝલ અલી પંચમાં નીચેનામાંથી કોણ ન હતું ?
(અ) ફઝલ અલી (અધ્યક્ષ) (બ) હૃદયનાથ કુંજરુ
(ક) સર પુરુષોત્તમદાસ (ડ) કે.એન. પાણીકટ

(૪) રાજયપુનર્રચના પંચનો અહેવાલ કયારે જાહેર થયો?
(અ) ૧૦ જાન્યુઆરી ૧૯૫૪ (બ) ૨૯ ડિસેમ્બર ૧૯૫૩
(ક) ૧૦ જાન્યુઆરી ૧૯૫૫ (ડ) ૨૯ ડિસેમ્બર ૧૯૫૪

(૫) ગુજરાતી સાહિત્ય પરિષદની ૧૯૫૨ની બેઠકમાં લોકેષણાનો પ્રસ્તાવ કોણે રજૂ કર્યો હતો ?
(અ) હિંમતલાલ શુક્લ (બ) શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી
(ક) સર પુરુષોત્તમ દાસ (ડ) મોરારજીભાઈ દેસાઈ

(૬) મહાગુજરાત વખતે અમદાવાદમાં ગોળીબારમાં મૃત્યુ પામેલ વિદ્યાર્થીઓ અંગે રચાયેલ નાગરિક તપાસ પંચના અધ્યક્ષ કોણ હતા?
(અ) મોરારજી દેસાઈ (બ) ઈન્દુલાલ યાજ્ઞિક
(ક) હિંમતલાલ શુક્લ (ડ) વામન રાય ધોળકિયા

(૭) ૨જી ઓકટોબર ૧૯૫૬ના રોજ અમદાવાદમાં પંડિત જવાહરલાલ નહેરુની જાહેરસભાને સમાંતર સભા કોણે યોજી હતી ?
(અ) ઈન્દુલાલ યાજ્ઞિક (બ) હરિહર ખંભોળજા
(ક) બ્રહ્મકુમાર ભટ્ટ (ડ) ડી.જી. દારાસ્વામી

(૮) મહાગુજરાત વિદ્યાર્થી લડત સમિતિના ચેરમેન કોણ હતા ?
(અ) બ્રહ્મકુમાર ભટ્ટ (બ) રણજીત શાસ્ત્રી
(ક) હરિહર ખંભોળજા (ડ) યશપાલ પરીખ

(૯) 'લે કે રહેગે મહાગુજરાત' પુસ્તકના લેખક કોણ છે ?
(અ) બ્રહ્મકુમાર ભટ્ટ (બ) યશપાલ પરીખ
(ક) ઠાકોરભાઈ દેસાઈ (ડ) જયંતી દલાલ

(૧૦) 'મહાગુજરાતનો જંગ' પુસ્તકના લેખક કોણ છે?
(અ) મહેન્દ્ર દેસાઈ (બ) ઈશ્વર પેટલીકર
(ક) જયંતી દલાલ (ડ) યશપાલ પરીખ

(૧૧) મહાગુજરાત આંદોલન દરમિયાન ઈન્દુલાલ યાજ્ઞિકે કયા સ્થળેથી પદયાત્રા કાઢી હતી ?
(અ) વડોદરાથી અમદાવાદ (બ) વડોદરાથી સુરત
(ક) વડોદરાથી પાટણ (ડ) વડોદરાથી વિસનગર

(૧૨) મહાગુજરાત આંદોલન વખતે 'જરૂર પડે હું ઊભો રહીને ગોળીબાર કરાવીશ' આ વિધાન કોણે કર્યું હતું ?
(અ) પંડિત નહેરુએ (બ) મોરારજી દેસાઈએ
(ક) ડીએસપી મિરાન્ડાએ (ડ) કે.એન. પાણીકટ

(૧૩) મહાગુજરાત જનતા પરિષદના વકીલ તરીકે કોણે સેવા આપી હતી ?
(અ) ઠાકોરભાઈ દેસાઈ (બ) હિતેન્દ્ર દેસાઈ
(ક) ડી. કે. શાહ (ડ) સનત મહેતા

(૧૪) આંદોલનકારીઓ કયા સ્થળે શહીદ સ્મારક બનાવવાની માંગ કરી રહ્યા હતા?
(અ) વિકટોરીયા ગાર્ડન ખાતે (બ) ગુજરાત કૉલેજ ખાતે
(ક) કોંગ્રેસ ભવન સામે (ડ) આસ્ટોડીયા ખાતે

(૧૫) શહીદ સ્મારકની રચના કયારે કરવામાં આવી?
(અ) ૮ ઓગસ્ટ, ૧૯૫૮ (બ) ૨૦ માર્ચ ૧૯૬૦
(ક) ૧૭ ઓગસ્ટ, ૧૯૫૮ (ડ) ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૮

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- **૧૮ નવેમ્બર ૧૯૦૦ : જ્યોર્જ બી. ક્રિસ્ટીકોવસ્કી :** રશિયન કેમિસ્ટ, પ્રથમ અણુબોમ્બ બનાવવાની કામગીરીમાં સહયોગી વૈજ્ઞાનિક.
- **૧૮ નવેમ્બર ૧૮૯૭: પેટ્રીક. એમ. એસ. બ્લેન્કેટ :** ઈંગ્લીશ ભૌતિકશાસ્ત્રી ૧૯૪૮માં કોસ્મીક રેડીયેશનની શોધ બદલ નોબલ પારિતોષિક મળ્યું હતું.
- **૧૯ નવેમ્બર ૧૯૨૨ : સ્ટેનલી કેનીથ રૂનકોચ :** બ્રિટીશ જીઓફીજીસ્ટ, પૃથ્વીના ધ્રુવો પર ચુંબકીય બળ વિશે સૌ પ્રથમ માહિતિ આપનાર.
- **૧૯ નવેમ્બર ૧૯૧૮ : હેન્ડરીક ક્રિસ્ટોફેલ વાન ડે હલ્સ્ટ :** ડચ ખગોળશાસ્ત્રી, અવકાશમાં રહેલ એટોમીક હાઈડ્રોજન પર સંશોધન કરનાર
- **૨૦ નવેમ્બર ૧૮૬૨ : એડવર્ડ વેસ્ટર માર્ક :** ફીનીશ દેશના વતની તથા સોશિયોલોજીસ્ટ, ફિલોસોફર તથા એન્થ્રોપોલોજીસ્ટ, માનવ મગજ સંબંધી અભ્યાસ કરનાર
- **૨૦ નવેમ્બર ૧૭૯૪ : એડયુડ રૂપેલ :** જર્મન પ્રકૃતિવિદ, ઉત્તર આફ્રિકાના વિસ્તારમાંથી ઈથેનોગ્રાફ્રકલ તથા જુઓલોજીકલ સંગ્રહ કરનાર
- **૨૧ નવેમ્બર ૧૮૨૪ : હાયરેનીમસ થિયોડર રિચર :** જર્મન માઈનરોલોજીસ્ટ, ઈન્ડિયન તત્ત્વની શોધ કરનાર તેઓ મેટલર્જીમાં એક્ષ્પર્ટ હતા.
- **૨૧ નવેમ્બર ૧૮૧૮ : લેવીસ હેનરી મોર્ગેન :** અમેરીકન ઈથનોલોજીસ્ટ, સાયન્ટીફીક અન્થ્રોપોલોજીના ફાઉન્ડર.
- **૨૨ નવેમ્બર ૧૮૯૯ : વિલે પોસ્ટ :** અમેરીકન એવીયેટર, ધ વર્લ્ડ સોલોફલાઈટ અંતર્ગત પૃથ્વીનું પ્રથમ રાઉન્ડ લગાવનાર ઉડ્ડયન નિષ્ણાત.
- **૨૨ નવેમ્બર ૧૮૦૯ : બેન્ડીકટ અગસ્ટીયન મોરેલ** - ઓસ્ટ્રેલિયન - ફ્રેન્ચ મનોવિજ્ઞાનશાસ્ત્રી, મેન્ટલ તથા ઈમોશલ સ્થિતિ પર અભ્યાસ કરનાર.
- **૨૩ નવેમ્બર ૧૮૯૪ : ડોનાલ્ડ ડેસ્કી :** અમેરીકન ઈન્ડસ્ટ્રીયલ ડિઝાઈનર, ડેકોરેટીવ હેતુ માટે ઈન્ડસ્ટ્રીયલ મટીરીયલનો ઉપયોગ કરનાર.
- **૨૩ નવેમ્બર ૧૮૮૭ : હેનરી મોસ્લે :** ઈંગ્લીશ ભૌતિક શાસ્ત્રી, મોટાભાગના તત્ત્વો પ્રોપર્ટી તેના આણ્વિક નંબર સાથે સંકળાયેલ છે નહીં કે આણ્વિક વજન તેવું પ્રતિપાદિત કરનાર
- **૨૪ નવેમ્બર ૧૯૨૧ : રોબર્ટ એલ. બન્કસ :** અમેરીકન કેમીસ્ટ, 'ક્રિસ્ટેલઈન પોલી પ્રોપેલીન' ના સહાયક શોધક.
- **૨૪ નવેમ્બર ૧૯૧૨ : લીબેલી બોસ્ટ :** અમેરીકન ન્યૂક્લીયર ભૌતિકશાસ્ત્રી. 'ગ્રેફાઈટ રીસર્ચ રીએક્ટર નિર્માણના પ્રણેતા તથા આગેવાન.'

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : કેન્દ્ર સરકારમાં હાલ રાજય-ગૃહમંત્રી તરીકેનો કાર્યભાર કોણ સંભાળે છે?**

**જવાબ : કિરણ રિજિજુ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૨) અનિકેત સુમેસરા : સે-૨૪ (૩) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૪) નટુભાઈ દરજી : પેથાપુર (૫) આકાશ જી. પટેલ : સે-૨૩

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં દક્ષિણ ભારતના પૂર્વ બીજેપીના કયા નેતાની પુત્રીનાં વૈભાવી લગ્ન દેશમાં ચર્ચાનો વિષય બન્ય છે?**

**'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) બ (૨) ક (૩) ક (૪) ક (૫) બ (૬) ડ (૭) અ (૮) ક (૯) અ
(૧૦) ડ (૧૧) ક (૧૨) બ (૧૩) ક (૧૪) ક (૧૫) અ

# તમે શું માનો છો : ઈશ્વર હશે કે નહિ હોય?

**ચિંતનસભા**
**રોહિત શાહ**

ઈશ્વરના અસ્તિત્વ વિશે મારા મનમાં બે સ્પષ્ટ વિચાર-ખ્યાલ છે. પ્રથમ ખ્યાલ એ છે કે જગતમાં ઈશ્વર-બિશ્વર જેવું કશું છે જ નહિ. ઈશ્વરના હોવા અંગેની તમામ આર્ગ્યુમેન્ટ્સ બોગસ અને બકવાસ છે. બીજો ખ્યાલ એવો છે કે કદાચ ઈશ્વર હોય તો પણ તેને આપણે જેવો ધારી બેઠા છીએ એવો તો એ ન જ હોય.

ઈશ્વરની આપણી શોધ ઈશ્વરની મૂર્તિ સુધી પહોંચીને સમાપ્ત થઈ ગઈ છે. મૂર્તિ મળી એટલે ઈશ્વર મળી ગયો હોય એમ રાજી-રાજી થઈને આપણે તેની આળપંપાળ કરવા મંડી પડીએ છીએ. શિયાળામાં ઈશ્વરને મૂર્તિને ઊનનાં કપડાં પહેરાવાય છે અને ઉનાળામાં તેને એ.સી.માં રાખવાના પ્રયોગ પણ થાય છે. ઈશ્વરની એક કલ્પના કે નિરંજન-નિરાકાર હોવાની છે. જો એ કલ્પના સાચી હોય તો ઈશ્વરને ઠંડી-ગરમી ન લાગે, ભૂખ પણ ન લાગે. પછી તો છપ્પન ભોગ અને નૈવેદ્ય અને પ્રસાદ બધું બકવાસ બની જાય.

આસ્તિક માણસ દરેક પરિસ્થિતિ માટે ઈશ્વર અને ભાગ્યને જવાબદાર માને છે, નાસ્તિક માણસ અનુકૂળ અથવા પ્રતિકુળ તમામ ઘટનાઓને માત્ર જીવનના એક સ્વાભાવિક ક્રમરૂપે જુએ છે. ઈશ્વર હોય તો એ કોઈને દુ:ખી થવા દે ખરો? આપણી ગલતીઓ અને આપણા ગુનાઓને માફ કરીનેય એ આપણને સુખ જ આપે ને! આપણને પનિશમેન્ટ આપે એવા ઈશ્વરની આપણને શી જરૂર? મને એવો જ ઈશ્વર ગમે જે મને મારી મરજી મુજબ અને મોજથી જીવવા દે.

કેટલાક લોકો દો-રંગા હોય છે. તેઓ સામાન્ય સંજોગોમાં ઈશ્વરના અસ્તિત્વ વિશે શંકા કરીને નાસ્તિકતાના એક છેડે જઈને બેસે છે, પરંતુ જયારે એમના પર કોઈ આફત ઊતરી પડી હોય ત્યારે એ જ લોકો ઈશ્વર સ્તુતિ કરવા બેસી જાય છે. એવા અધૂરિયા - અણઘડ લોકો કલાકે-કલાકે પોતાના અનુભવો બદલાય તેમ-તેમ ઈશ્વરના અસ્તિત્વ વિશેના પોતાના ખ્યાલો બદલતા રહે છે.

મારો એક મિત્ર લેપટોપ, મોબાઈલ બધું જ વાપરે છે, પણ તેમના જમણા હાથ પર એક - બે રક્ષાપોટલીઓ અવશ્ય બાંધેલી હોય છે. તેમના ગળામાં મંત્રેલા લાલ-કાળા-દોરા-ધાગાય હોય છે. એક વખત તો તે ભાઈએ પોતાના મોબાઈલ પર લાલ દોરો બાંધેલો હતો, બોલો! લાભ વિજ્ઞાનના લેવાના અને યશ અધ્યાત્મને આપવાનો - આ ગદ્દારી ન કહેવાય?

તાજેતરમાં એક સમાચાર વાંચવા મળ્યા કે પોતાના બીમાર સસરાજીની તબિયત સારી થઈ જાય એ માટે ઘરની પુત્રવધૂએ પોતાના માથાના વાળનું મુંડન કરાવવાની બાધા રાખી હતી. આ સમાચાર જેટલા આનંદપ્રેરક છે એટલા જ આઘાતપ્રેરક પણ છે. આનંદપ્રેરક એ માટે કે સમાજમાં સસરા પ્રત્યે આટલો છલોછલ આદરભાવ રાખનારી પુત્રવધુ આજના કહેવાયા કળિયુગમાં પણ છે ખરી! આઘાતપ્રેરક એટલા માટે કે આવા ન્યૂઝ વાંચીને અણઘડ લોકો પોતાના સ્વજનની બીમારી દૂર કરવા માટે પોતાના માથાના વાળ ઊતરાવવા રઘવાયા થવા માંડશે! અંધશ્રદ્ધાનો સેન્સેક્સ આવા ન્યૂઝથી ઓચિંતો વધી જતો હોય છે. લૉજિક વગરનાં જુઠાણાંનો પ્રભાવ વ્યાપક અને પ્રબળ પડે છે.

જરાક તો સોચો યાર! આવા વાહિયાત ઉપાયોથી કોઈ વ્યક્તિની બીમારી દૂર થાય ખરી? ઈશ્વર આવી ઊતરેલા વાળની લાંચ લેવાનું પસંદ કરતો હશે ખરો? ઈશ્વર જો કરૂણાનો કરનારો હોય તો એને એના ભક્તોને કરૂણ દશામાં મૂકવાનું ગમે જ નહિ. ઈશ્વરને સુખડી, શ્રીફળ, કંકુ-ચોખા, ઘી-દૂધની વળી શી જરૂર હોય? ઈશ્વર જો કૃપા અને કરૂણા કરતો જ હોય તો આપણી પાસેથી આવી કશી જ અપેક્ષા રાખ્યા વગર જ કરતો હોવો જોઈએ.

ઈશ્વરને લાંચ આપવી એ તો એનું ઈન્સલ્ટ કરવા જેવું છે! પાછા આપણે લોકો કેવા શાણા છીએ! ઈશ્વરને આપણે એવી જ વસ્તુની લાંચ આપવાનું પસંદ કરીએ છીએ કે જેમાં આપણને પીડા બિલકુલ ન થાય અથવા ઓછામાં ઓછી પીડા થાય. વાળ ઉતારવામાં કશી પીડા થતી નથી. વળી થોડા

વખતમાં જ ફરીથી નવા વાળ ઊગી જાય છે, એટલે કદરૂપતા કાયમી નથી રહેવાની એવી હૈયાધારણ રહે છે. કોઈ વ્યક્તિ પોતાના દાંત કે પોતાની આંખ ઈશ્વરને અર્પણ કરે છે ખરી? કોઈ વ્યક્તિ પોતાની જીભ કાપીને ઈશ્વરને ભેટ ધરે છે ખરી? અલબત્ત, ઈશ્વરને એવું કશુંય ખપતું નથી. તિરુપતિના મંદિરે જઈને વાળ ઉતારનારા ભક્તોને આ સત્ય સમજાશે?

ચાર-પાંચ વર્ષ પહેલાં ચોમાસામાં વરસાદ નહોતો પડ્યો. લોકો વરસાદની રાહ જોતા હતા. કેટલાક ભગતડા લોકોએ ઉઘરાણાં કરીને વરસાદ આવે એ માટે હોમ-હવન કરાવ્યા, છતાં વરસાદ ન આવ્યો. પછી ઈશ્વરના કોપનાં ડાકલાં વગાડ્યાં, પૃથ્વી પર પાપ વધી ગયાનાં જુઠાણાં ચલાવ્યા. પછીના વર્ષે કશાય હોમ-હવન વગર મબલક વરસાદ વરસ્યો. ગયા વર્ષે પૃથ્વી પર વધી ગયેલાં તમામ પાપ આ વર્ષે એકાએક અલોપ અને શાંત કઈ રીતે થઈ ગયા હશે? તે હવન-ઉત્સાહી ભગતને મેં પુછ્યું, .આ વર્ષે શું પૃથ્વી પરનાં તમામ પાપ દૂર થઈને પુણ્ય વધી ગયાં છે? હોમ-યજ્ઞ વગર આ વર્ષે આટલો ધોધમાર વરસાદ કેમ વરસ્યો? વળી, વરસાદનું આ પાણી વહી જાય છે અને છેવટે દરિયામાં જઈને ખારું થઈ જાય છે; એને જમીનમાં ઉતારવાનું કે જળસંચયનું કામ તમે કેમ નથી કરતાં? હવન કરતા કરતાં ચેક ડેમ કે જળસંચયના અન્ય પ્રયોગો કરવાનું વધુ જરૂરી છે એવું તમે કેમ નથી સમજતાં?